# e.અસ્મિતા

ગુજરાતી સાહિત્ય અકાદમીનું મુખપત્ર

સંપાદક : પંચમ શુક્લ

અંક : 13 16 જુલાઈ 2020

# ખાલી તો ય સભર

અમેરિકાથી આવેલી નીમુની માશીની દીકરીને સપરિવાર જમવા બોલાવવાની માની ઈચ્છા હતી. નીમુ કહે, “મા, જમણ મારે ત્યાં રાખીએ”.

“તારે ત્યાં શું કામ? મારે જ તેમને જમાડવા જોઈએ ને”

“મા તું એકલી. હવે તારી ઉમ્મર થઈ ……”

“નીમુ, તું એકની એક વાત ફરી ફરી ન કર. એ લોકો અહીં જ જમશે. તારાથી મદદમાં અવાય તો આવજે. ‘પુરણપોળી’ ને ‘બટાકાવડાં’ જ તો કરવાનાં છે!”

“મા, ‘શ્રીખન્ડ’ મંગાવી લઈએ તો? પૂરણપોળીનો તો ભારે કૂથો”.

“તમને આજકાલનાં છોકરાંવને બધી કડાકૂટ લાગે છે. કોઈ આપણે ત્યાં આવે, તો પ્રેમથી જમાડીએ નહીં? તારાથી ન થાય તો હું એકલી બધું કરી નાંખું તેમ છું. પૂરણપોળી એટલે શાહી જમણ કહેવાય”.

નીમુ જાણતી હતી કે મા એક વાર નક્કી કરે; પછી તેમાં રજમાત્ર ફરક ન થઈ શકે. જમણની આગલી રાતે જ એ માને ઘરે આવી ગઈ અને સવારથી રસોઈમાં લાગી ગઈ. માને રાત્રે જરા ઠીક નહોતું. એટલે એને કહ્યું, “તું રસોડામાં આવતી જ નહીં.” છતાં મા તો થોડી થોડી વારે આવીને જોઈ જ જતી કે કેટલું થયું, કેવું થયું. ઓસામણ ચાખી જોયું. કોપરાની ચટણી ઊંચીનીચી કરી. “આમલીની ચટણી પણ જોઈએ” કહી પોતે બનાવી દીધી. “કચૂમ્બરમાં ગાજરની સાથે ટામેટાં–કાકડી પણ જોઈએ” – કહેતાં ટામેટાં લીધાં; પણ એટલામાં હાંફ ચઢી આવી, એટલે નીમુએ કહ્યું, “મા, હવે તું થોડી વાર આરામ કર, જેથી એ લોકો આવે ત્યાં સુધીમાં ફ્રેશ થઈ જવાય. તું જા, હું બધું કરી નાખીશ”.

નીમુ, એ માની એકની એક દીકરી. બહુ લાડથી ઉછેરેલી. દીકરીને પણ મા ઉપર બહુ પ્રેમ. માનો સ્વભાવ ભારે આગ્રહી. બધું એના મન પ્રમાણે જ જોઈએ. ઉમ્મર થઈ, પોતે કરી શકતી નહોતી; છતાં પોતાની વાત છોડી શકતી નહોતી. ભારે પ્રેમાળ. બીજા માટે મરી પડે. નીમુ આ બધું જાણતી તેથી પ્રેમથી માને સાચવી લેતી. તેને જરીકે ઓછું ન આવે, તેનું તે ધ્યાન રાખે.

બાપુજી ગૂજરી ગયા, એટલે મા એકલી પડી ગઈ, ત્યારે નીમુએ બહુયે કહ્યું કે, ‘મા, હવે તું અમારી સાથે રહે;’ પણ મા ન માની. દસ વરસ એકલી જ રહી, તેવામાં તેને હાર્ટ એટૅક આવ્યો. પન્દર દિવસ હૉસ્પિટલમાં રહેવું પડ્યું. હૉસ્પિટલમાંથી બારોબાર નીમુ એને પોતાને ઘેર લઈ ગઈ. દીકરી, જમાઈ અને દૌહિત્રી પીંકીએ બહુ પ્રેમથી એની સેવા–ચાકરી કરી; પણ બે મહિના પછી જ્યારે હરતી–ફરતી થઈ, ત્યારે માએ પોતાને ત્યાં જવાની રટ લીધી. છેવટે નીમુના ઘરની નજીક પાંચ મિનિટના જ રસ્તે એક જગ્યા મળી ગઈ. ત્યાં મા એકલી રહેવા લાગી. નીમુ લગભગ રોજ ખબર કાઢી જતી.

મહેમાનો આવ્યા. જમણથી ખૂબ ખુશ થઈ ગયા. એકેએક વાનગી સ્વાદિષ્ટ બની હતી. મા કહેતી રહી, ‘બધું મારી નીમુએ જ બનાવ્યું છે, હું તો કાંઈ કરી શકી નથી.’

“પણ મા, એ બધું શીખવ્યું કોણે?” નીમુ હેતથી બોલી. માની આંખ ભરાઈ આવી.

મહેમાનો ગયા. મા–દીકરી જરા આડાં પડ્યાં, ત્યાં તો પીંકી આવી. ‘મમ્મી, તું નાટક માટે મને તૈયાર કરવાની હતી ને?’

‘બેટા, હવે કાલે, આજે વહેલી સવારથી કામ કરીને, હું બહુ થાકી ગઈ છું.’

પીંકી પગ પછાડતી બોલી, ‘રોજ કાલ કાલ કહ્યા કરે છે.’

મા સફાળી બેઠી થઈ ગઈ. પીંકીને પાસે લઈ પ્રેમથી પૂછ્યું, ‘બોલ, દીકરા, તારે શું કરવાનું છે?’

‘અમારી સ્કૂલમાં નાટક છે. તેમાં મારે ‘પેશવાઈ જમાનાની મા’ બનવાનું છે. સાડી ને માથે અમ્બોડો.’

‘અરે, એટલામાં શું? હું તને તૈયાર કરી દઉં!’

પીંકીને બેસાડીને, મા વાળ ઓળવા લાગી. કાપેલા વાળનો અમ્બોડો લેવો અઘરો હોય છે; પરન્તુ માએ ભારે કરામતથી ખાસ્સો મોટ્ટો મઝાનો અમ્બોડો વાળી આપ્યો. વચ્ચે વાળ તણાતાં પીંકીએ ફરિયાદ કરી, 'મોટી મમ્મી, બહુ તણાય છે!' તો માએ ટપલી મારી કહ્યું, 'બૂમો ના પાડીશ. તાણ્યા વિના તો અમ્બોડો છૂટી જાય.'

નીમુ હસી પડી. 'પીંકુડી, મોટી મમ્મી મને પણ આવી જ રીતે ટપલી મારીને વઢતી.'

મા પણ હસતાં હસતાં બોલી, 'આ દીકરી તો ડાહી છે. તું તો વાળ ઓળાવતાં ક્યારે ય આટલી શાન્ત બેસતી નહોતી.'

મા–દીકરીએ ઘડીભર મીઠો ભૂતકાળ માણી લીધો.

માએ કબાટમાંથી જૂના વખતની નવ વારી સાડી કાઢી. 'આ સાડી મારાં સાસુજીની છે' કહી પીંકીને પહેરાવી. બની–ઠનીને પીંકી અરીસા સામે ઊભી રહી અને નાચી ઊઠી! 'મોટી મમ્મી, નાટકને દિવસે હું અહીં જ આવીશ. તમારે જ મને તૈયાર કરવાની.'

નીમુ આ બધું જોતી હતી. માએ કેટલા ઉત્સાહથી આ બધું કર્યું! થાક–બાક ક્યાં ય જતો રહ્યો, ખબરે ય ન પડી. કેટલી પ્રફુલ્લિત થઈ ગઈ! પોતે નકામી નથી થઈ ગઈ, હજી બીજાને પોતાને જરૂર છે, પોતે કાંઈક ઉપયોગી થઈ શકે છે; એવો અહેસાસ માણસમાં કેટલું જોમ પૂરી જાય છે ! મૂળમાં, 'ખાલીપો' દૂર થવો જોઈએ. અને નીમુના ચિત્તમાં ઝબકારો થયો.

'મા, મને 'રવાના લાડુ' બનાવતા શીખવીશ? મારાથી તારા જેવા થતા જ નથી!'

'હા કેમ નહીં?' કહીને માએ એ જ ઉત્સાહથી શું શું લાવવું તેની વિગતવાર સૂચના આપી.

ઘરે પાછા ફરતાં નીમુ એ જ વિચારતી રહી કે, માને પ્રફુલ્લિત રાખવા માટે કાયમ કાંઈ ને કાંઈ કામ કાઢતા રહેવું.

– **'હરીશ્ચન્દ્ર'**


('શ્રી માલતી દામલે'ની 'મરાઠી' વાર્તાને આધારે • વીણેલાં ફૂલ : ભાગ-11, પાનાં 31–32 ઉપરથી સાભાર …..)

સ્વ.કાન્તાબહેન અને સ્વ. હરવિલાસબહેન નામે આ બન્ને બહેનો સાથે મળીને વાર્તા લખતાં. બન્ને બહેનોના આ લેખનયજ્ઞના કામ માટે વિનોબાજીએ એમને '*હરીશ્ચન્દ્ર*' એવું ઉપનામ આપેલું.


**સૌજન્ય : 'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: પંદરમું – અંક:** 456 – July 05, 2020

•••••

**ગુજરાતી સાહિત્ય અકાદમી હેઠળ એક હરણફાળ આગેકૂચ :** સુરેશ જોષી જન્મશતાબ્દીનું આ વરસ છે. અને તેથી અકાદમીએ તેની પહેલવહેલી 'વર્ચ્યૂઅલ' બેઠકમાં જાણીતા સાહિત્યકાર **ડૉ. સુમનભાઈ શાહ**ને વ્યાખ્યાન માટે નિમન્ત્રણ આપેલું. શનિવાર તારીખ 4 જુલાઈ 2020ની આ સફળ બેઠકનો વિષય હતો : **યુગપ્રવર્તક સુરેશ જોષી**. આવતાંજતાં આશરે સાઠેક લોકોએ લાભ લીધો તેવી ગણતરી છે. તે 'વર્ચ્યૂઅલ' બેઠકની બોલતી આ છબિ.



# ગુજરાતી સાહિત્ય અકાદમી



## જ્ઞાનપીઠ પારિતોષિક સન્માનિત વરિષ્ઠ સાહિત્યકાર રઘુવીરભાઈ ચૌધરીને વ્યાખ્યાન માટે નિમન્ત્રણ આપે છે

# વિષય : ગુજરાતી ટૂંકી વાર્તા - સાહિત્યનો સૈકો

## શનિવાર તારીખ 01 ઑગસ્ટ 2020 : સમય : 14.00 GMT : 18.30 IST

વ્યાખ્યાન ઑનલાઈન હશે અને તે **Google Meet** પરથી બ્રૉડકાસ્ટ થશે.

**Google Meet** મર્યાદિત દર્શકો-શ્રોતાઓનો સમાવેશ કરી શકે છે, તેની નોંધ લઈ સવેળા જોડાવા વિનન્તી છે.

Link: https://meet.google.com/upp-gdok-wqi

વાચકજૂથના સભ્યોને તેમ જ બીજાત્રીજા મહેમાન મિત્રોને પણ એમના કૉમ્પ્યુટર કે આઇપેડ જેવા સાધનોમાં અનુકૂળ હોય તો **Google Meet** ઇન્સ્ટોલ કરવાનું સૂચવીએ. અન્યથા અહીં આપેલી લિન્ક પર ક્લિક કરવાથી **Google Meet** તમને દાખલ પણ કરશે. આમ વગર ખાતાએ તમે આ બેઠકમાં પ્રવેશી શકશો. શુભ કામનાઓ.

**રઘુવીર ચૌધરી** ગુજરાતી કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, ચરિત્રકાર અને વિવેચક છે. તેમનો જન્મ ઉત્તર ગુજરાતમાં હાલમાં ગાંધીનગર જિલ્લામાં આવેલા બાપુપુરા ગામમાં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માણસામાં કર્યા બાદ તેમણે ૧૯૬૦માં હિંદી વિષય સાથે બી.એ. કરીને અધ્યાપનની શરૂઆત કરી હતી. તેમણે ૧૯૬૨માં એમ.એ. અને ૧૯૭૯માં હિંદી-ગુજરાતી ધાતુકોશ વિષય પર પીએચ.ડી.ની ઉપાધિ મેળવી હતી. તેઓ બી.ડી. આર્ટ્સ કોલેજ, ગૂજરાત વિદ્યાપીઠ અને હ.કા. આર્ટ્સ કોલેજ, અમદાવાદમાં લાંબો સમય અધ્યાપક રહ્યા હતા. ૧૯૭૭થી તેઓ ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્યભવનમાં હિંદીના અધ્યાપક રહ્યા હતા અને ૧૯૯૮માં તેઓ અધ્યક્ષ તરીકે નિવૃત થયા.

# ગોવાલણી

**• કંચનલાલ વાસુદેવ મહેતા 'મલયાનિલ'**

તે ઘણી જ જુવાન હતી. કેટલાકને ચૌદમે વર્ષે અધર પર ગુલાબ ફરકે છે, કોઈક તો સત્તર-અઢાર વર્ષે આંખમાં ચમક ચમકાવે છે. એને તો પંદરમે વર્ષે કંઠમાં કોયલ ટહુકતી હતી. નિર્દોષતાએ હવે રજા લેવા માંડી હતી. બાલભાવ હવે યૌવનને માર્ગ કરી આપતો હતો. ઊઘડતી કળી હવે તસતસતી હતી.

નહોતી કેળવાયેલી તોય ચાતુર્ય હતું. નહોતી શહેરની તોય સૌજન્ય હતું. નહોતી ઉચ્ચ વર્ણની તોય ગોરી હતી.

માથા પર પિત્તળની ચળકતી તામડી મૂકી ભાગોળેથી ગામમાં પેસે, ત્યારે જાણે લક્ષ્મી પ્રવેશી. 'દૂધ લેવું સે દૂધ'નો ટહુકો શેરીએ શેરીએ સંભળાય અને દાતણ કરતું સૌ કોઈ એની સામું જુએ. પુરુષોને શુભ શુકન થતા. સ્ત્રીઓને ઈર્ષ્યા આવતી.

એ ગુજરાતી ગોવાલણી હતી. સવારના પહોરમાં તળાવમાં નાહવા પોતાને ગામડેથી નીકળતી. તાજાં દોહેલાં દૂધ શહેરીઓની સેવામાં રજૂ કરતી. સૌ કોઈને એનું દૂધ લેવાનું મન થાય. 'દૂધ લેવું સે દૂધ' સાંભળતાં શેરીની સ્ત્રી ઝટ પથારીમાંથી ઊભી થતી.

એ હંમેશાં રાતો સાલ્લો-જાડો, પણ સ્વચ્છ, નવો ને નવો સાચવી પહેરતી, એને પીળી પટ્ટીની કોર હતી અને કાળો પાલવ હતો. હાથમાં દાંતનાં રૂપાની ચીપવાળાં ભારે 'બલ્લૈયાં' પહેરતી. પગે જાડાં કલ્લાં ઘાલતી. નાકમાં નથની અને કાનમાં નખલી. આગંળીએ રૂપાનાં વેઢ, ગળામાં ટૂંપીઓ અને કીડિયાસેર. આ એનાં આભૂષણો હતાં. માથે જરા ઘૂમટો તાણતી, તેથી એના વાળ કેવા હશે તેની કોઈને ખબર નહોતી. એ ઓળતી હશે, સેંથીમાં કંકુ પૂરતી હશે, એ કલ્પના જ એની ખૂબસૂરતીમાં ઉમેરો કરી આપતી હતી.

હું એના આવવાને વખતે જ ઓટલા પર દાતણ કરવા બેસતો. એ બિચારી શરમાય, નજર નીચી ઢાળી દે, પણ બીજી નવેલીઓની માફક એની ચાલ નહોતી બદલાતી; ઘ્રુજારો નહોતો છૂટતો. હાથ વાંકાચૂકા નહોતા ઊછળતા. શાંત અને ગંભીર થઈ હંમેશનો 'દૂધ લેવું સે, દૂધ'નો રણકારો કર્યા કરતી.

મારી પત્નીને હું રોજ કહું કે આ ગોવાલણી પાસેથી તું દૂધ કેમ નથી લેતી ? હંમેશાં 'બૂન ! દૂધ લેવું સે ?' કહી એનું મોં દુખી જાય છે અને તને તેની જરા પણ દરકાર નથી.'

કોણ જાણે શાથી, પણ જ્યારથી એને જોઈ હતી, ત્યારથી મને દિલમાં કંઈક અજબ લાગણી થઈ આવી હતી. પરાણે પણ હું મારે ઘેર એનું દૂધ લેવડાવું. એને થોડી વાર મારે આંગણે બેસાડું અને લાગ આણી મારી સામે જોવડાવું. આવી કોમલાંગના છતાં ભરવાડણ કેમ જન્મી ! એના કોમળ જણાતા બદન ઉપર આવું જાડું વસ્ત્ર કેમ રહી શકતું હશે ! ઈશ્વર પણ જોયા વગર જ જન્મ આપે છે ને ?

તે દિવસે જ મને થયું કે હું ભરવાડ જન્મ્યો હોત તો ઠીક થાત ! મને તળાવના કાંઠા પર ઊભા રહી વાંસળી વગાડતાં આવડતી હોત તો સારું થાત. ડચકારતો ડચકારતો ગામને સીમાડે ઢોરની વચ્ચે ડાંગ પર શરીર ટેકવી, માથે મોટું ફાળિયું બાંધી ગીત લલકારતો હોત તો ઘણું ગમત. એ ગામડાનું પણ કાનુડાનું જીવન હતું. ગાંડો બનાવનાર ગોવાલણી પણ રાધાની જાતવાળી !

વારંવાર એનું સૌંદર્ય જોવાથી મારા મન પર એની માઠી અસર થઈ. એની ગંભીર, પણ કાળી આંખ પર મારું દિલ લલચાયું. એની પાછળ હું શેરીમાં ભટકું ને એ પછી ક્યાં જાય છે તે જોઉં એમ હૃદય ગોઠવણ કરવા લાગ્યું.

એક દિવસ તો આઠ વાગ્યાનો ડંકો થયો તેવો જ હું ઊઠ્યો અને આડુંઅવળું જવાનું છોડી દઈ ગામને દરવાજે જઈ ઊભો રહ્યો. દૂધ વેચીને ઘેર જવા એ હમણાં જ આવશે, ત્યારે અજાણ્યો થઈ એની પાછળ પાછળ જઈશ. લાગ આવશે કે તરત જ એને પૂછીશ કે તું કોણ છે ? તારી આ આંખોમાં શું છે ? તારી ગોવાલણીની જાતમાં આવી બેભાન કરે તેવી પરીઓ છે ?

સવાલ ગોઠવતો હું દરવાજે જઈ ઊભો રહ્યો. એટલામાં બંને હાથમાં પૈસા ગણતી, ખાલી પડેલી દૂધની તામડીઓને માથે અધ્ધર રાખી સીધી ડોકે, પણ નીચી નજરે ચાલતી ચાલતી એ દરવાજાની બહાર નીકળી. હું પાછળ પાછળ જવા લાગ્યો.

ગામડાનો ચીલો પડ્યો હતો. ઊંચી ચડાણવાળી જમીનમાંથી રસ્તો કાઢેલો હોવાથી આજુબાજુ માટીની ભીંતો જેવું થઈ ગયું હતું અને ઉપર કેર તથા ચણોઠીનાં ઝાડ અને વેલા ઊગ્યાં હતાં. ચીલાની વચમાંની ધૂળ ઉરાડતી એ ઉતાવળે પગલે ચાલી જતી હતી. સામે સૂર્ય હોવાથી એક હાથ ઊંચો ધર્યો હતો અને બીજે હાથે તામડી પકડી હતી. એકાદ વખત ઓચિંતું પાછું જોવાથી મને એણે

જોયો હતો, અને હું તેની જ પાછળ તો નથી ચાલતો એમ વહેમાઈ હતી. એટલે એ ઘડીમાં ધીમે પગલે ચાલે તો ઘડીક ઉતાવળે પગલે; અને તે જ પ્રમાણે હું પણ મારી ચાલ બદલતો હતો. મને ખબર નહીં કે એ ઠગારી પોતાનો વહેમ ખરો છે કે ખોટો તે જાણવા માગે છે. અલબત્ત, હું એની પવિત્રતાને કે એના ચારિત્ર્યને દૂષિત કરવા નહોતો માગતો. એના રૂપથી હું અંજાઈ ગયો હતો. મનથી હું ભ્રષ્ટ થઈ ચૂક્યો હતો, છતાં હજી કાંઈક મગજશક્તિ ચાલતી હતી અને છેક બેશુદ્ધ બની ગમે તેવું વર્તન ચલાવું એટલે દરજ્જે પાગલ નહોતો બન્યો.

આ પ્રમાણે અમે અરધોએક માઈલ ચાલ્યાં હોઈશું, ત્યાં એ અટકી ગઈ. ત્યાં વડના ઝાડની ઘટા હતી, અને તળે વટેમાર્ગુને બેસવાને માટે છાપરી બાંધી હતી. ઉપર કોયલ ટહુકે; નીચે વાછડાં, બકરાં, ગાય, ભેંસ આમતેમ ફરે, સ્થાન રમણીય હતું.

છાપરીની બહાર એણે તામડીઓ ઉતારી અને રસ્તાની બાજુ પરની હરિયાળી ઉપર એ “હાશ, રામ !” કહી ઊભા પગે-ગોવાલણીઓ બેસે તેમ બેઠી.

મારી સ્થિતિ કફોડી થઈ. હું ચાલ્યો જાઉં કે ઊભો રહું ? વાત કરવાનો વિચાર આવતાં જ દિલ ધડકવા લાગ્યું. મોં પર લોહી તરી આવ્યું. હિંમત કરી એટલે સુધી હું આવ્યો હતો, પણ આ ગોરી ગોવાલણીએ તાકાત લઈ લીધી હતી.

વિચાર કરી મેં એ જ રસ્તે ચાલવા માંડ્યું. એને વટાવીને બે પગલાં ગયો, ત્યાં “સંદનભઈ, ઈમ ચ્યોં જાઓ સો !” એણે પૂછ્યું. મારે ત્યાં હરરોજ આવતી હોવાથી મને સારી રીતે ઓળખતી હતી., પણ આમ એકાએક મારી સાથે બોલવાનું શરૂ કરશે એનો ખ્યાલ નહોતો. શું ત્યારે હું એની જ પાછળ આવતો હતો તે એ સમજી ગઈ હશે ? મારા સંબંધે એ કેવો વિચાર રાખતી હશે ? આમ કંઈ કંઈ વિચારો મને આવવા લાગ્યા. છતાં એના પ્રશ્નનો જવાબ તો આપવો જ જોઈએ. શો આપવો ? હું તો ગભરાટમાં જ બોલી ઊઠ્યો : “તારું ગામ જોવા.” બોલ્યા પછી વિચાર આવ્યો કે આ હું શું બોલ્યો ! એના ગામને જોવાનું મારે શું પ્રયોજન ! અને હવે જરૂર મારા મનની નબળાઈ એ જાણી ગઈ હશે. કદાચ એની ઇચ્છા વિરુદ્ધ હશે અને કોઈને કહેશે કે, “સંદનભઈ મારું ગામ જોવા આવ્યા હતા,” તો ? પણ એટલામાં એણે પૂછ્યું : “તે ઈમાં શું જોવું સે ? કોંય તમારા ગામ જેવું નહીં. લ્યો ઓમ આવો, જરા મારું દૂધ તો પીઓ, બાખડી ભેંસનું સે. તમને હવાદ રહી જશે.”

મારી ગૂંચવણનો અંત આવ્યો. આવા મારા ચલણથી એને કંઈ અણગમતું નહોતું થયું, ઊલટી એ જ ચાહીને મને બોલાવે છે, એટલે હલકો પડી જઈશ એવું કાંઈ નહોતું. જો ગુલાબ બુલબુલને બોલાવે તો બુલબુલનો શો વાંક ? જો નાગ જ મોરલી પાસે આવીને બેસે તો વાદીનો શો વાંક ? હવે જે થાય તે જોવા દે અને મારી મુરાદનો જે ઘાટ ઘડાઈ આવે તે ઘડાવા દે.

“ના રે, એમ તારું દૂધ પિવાય ? ઘેર કાલે આપી જજે.” પીવાનું તો ઘણુંયે મન હતું, પણ એમ પહેલે બોલે પી જઉં ત્યારે તો અણઘડ જ લાગું ને ?”

“હવે ઘેર તો લેતાં લેશો, પણ ઓંય તો પીઓ, ત્યોં કોંય વડનો રૂપાળો સાંયડો હશે ? પશી આવાં ગોંણાં ગાતાં હશે ? અને કોંય મારે હાથે દૂધ મળશે ? ત્યાં તો મારાં બૂન જાણશે તો એક લેશે ને બે મેલશે.”

કોઈ એને કહે કે એ અભણ છે, તો એનો અર્થ એટલો જ કે એને અક્ષરજ્ઞાન નથી. કોઈ એને કહે કે બોલતાં નથી આવતું, તો એનો અર્થ એ જ કે શહેરની ચાપચીપવાળી એની બોલી નથી. કુદરતની વચમાં એ ઊછરતી હતી. કુદરતનો સ્વાદ એ પિછાની શકતી હતી અને પોતાના ગ્રામ્ય, પણ મધુર અવાજે એનું ભાન મને કરાવી શકતી હતી. તેમાં આવા સમયે – આવા એકાંતમાં સરળ હૃદયે મનની બધીયે લાગણીઓ અસર થાય તેમ જણાવી શકતી હતી. હું તો પલકે પલકે બેડી બંધાવતો હતો.

“વારુ; તારું દૂધ તો પીઉં, પણ પૈસા લે તો.”

“કોંય ગોંડા થ્યા ? ઈમ પૈસા લેવાય ! મારા હમ ના પીઓ તો.” કહી હું પાસે ઊભેલો તે જરા અધૂકડી થઈ મારી આગળ દૂધનું પ્યાલું ધર્યું. મેં વિચાર્યું, વધારે ખેંચપકડ રહેવા દે. ડોળ કરીશ અને માન માગીશ તેટલામાં કમળ બિડાઈ જશે. મેં એના હાથમાંથી પ્યાલું-દૂધ માપવાનું-લીધું અને દૂધ પી ગયો. અંદર સાકર નહોતી. ગરમ કરેલું નહીં, તો પણ મને સ્વાદિષ્ટ લાગ્યું. દૂધ કુદરતી રીતે સ્વાદિષ્ટ જ હોય છે. જેઓ તાજું દૂધ દોહેલું પીએ છે તેઓ એની મીઠાશ સારી રીતે જાણે છે, અને આ તો તેમાં વળી ખૂબસૂરત સ્ત્રીના હાથનું, એના આગ્રહનું અને તે એક બેશુદ્ધને પીવા મળેલું !

“ગોવાલણી ! તું શી ન્યાત ?” દૂધ પીતે વાત શરૂ કરી.

“લ્યો, તમે તો વટલાયા !”

“ના ના, હું એટલા વાસ્તે નથી પૂછતો; જાણવા જ માટે પૂછું છું. કહે તો ખરી, તું શી ન્યાત ?”

“ચ્યમ વળી ? અમે ઢોરાં ચારનારાં રબારી લોક.”

“તે તું પરણેલી છે કે કુંવારી ?” મારી ઘેલછા હવે વધ્યે જતી હતી.

જરા શરમાઈ એણે ધીમે સાદે “પચણેલી” કહ્યું.

“કોની સાથે ?”

“બળ્યાં સંદનભાઈ, ક્યાંય નોંમ દેવાતું હશે ? અમ જેવા કોક રબારી હાથે.”

“તું પ્રેમ શું એ સમજે છે ?” હું તો મારું ભાન ભૂલી ગયો હતો, શું પુછાય અને શું ન પુછાય તેની સૂધ જ નહીં. એ કાંઈ સમજી નહીં કે મેં શું પૂછ્યું.

“શું ?”

“તું હેત શું એ જાણે છે ? તને તારો વર ચહાય છે ?”

“સંદનભાઈ, ગોંડા તો નથી થ્યા ?”

“ના, બસ; મને કહે જ. હું તારી જ પાછળ આટલે સુધી આવ્યો છું. શેરીમાં વાત કરવાની બીક લાગતી હતી. બોલ, હવે તું મારી સાથે વાતો ન કરે તો તને મારા સમ,” કહી હું એની સામે બેસી ગયો. વચ્ચે દૂધની તામડીઓ હતી.

એકદમ “હા…ય ! મારી હુલ્લી ભૂલી ! હાય હાય !” સાંભળી હું ચમક્યો. એ ઊભી થઈ, “સંદનભાઈ, આટલી મારી વટલોઈ જોતા બેહશો ? મારી કુશકીની હુલ્લી ચ્યોંક મેલી આવી સું. હમણાં ઊભે પગે આવું સું.”

“શા માટે નહીં ?” એ આખો દિવસ તાપમાં બેસવાનું કહી જાય તોયે હું તૈયાર હતો, તો થોડી વારમાં શું ?

“હા હા, જા જઈ આવ. આ છાપરીમાં બેઠો છું.” રસ્તામાં બેઠેલો મને કોઈ દેખે તો કહેશે કેમ બેઠો હશે ? તામડીઓ લઈ હું છાપરીમાં બેઠો. અંદર કોઈએ ઘાસ નાખી બિછાનું કર્યું હતું. ઉપર સાંઠાનું છાપરું છાઈ બાવળની ડાળોથી થાંભલીઓ બનાવી હતી. પાછળની ભીંતમાં બારી હતી. ભીંતને અઢેલી લાંબા પગ કરી હું બેઠો. વાહ રે ગોરી ગોવાલણી, તારી ગામડાની ભાષામાં મધુરતા ! બસ, આજ એને જવા જ ન દઉં. વાતોમાં એને પણ એનું ઘર ભુલાવી દઉં. જોઈએ, મને એ ગાયો ચરાવતાં શીખડાવે છે ? એણે ઝઈમી સાડી, તસતસતી ચોળી અને રેશમી ચણિયો પહેર્યાં હોત તો એ કેવી લાગત ! અંબોડે ગુલાબ ખોસ્યું હોત, ગળામાં મોતીની એક સેર હોત, અને આ જ મદમાતી ચાલે એ ચાલી જતી હોત તો કોને ભુલાવામાં ન નાખત ? – કલ્પનાઓ જોડી જોડી એના રૂપને હું વધારે મોહક બનાવતો હતો. એની તામડીઓ ઉપર કાંઈક નામ લખ્યું હતું તે મેં જોવા માંડ્યું. અસ્પષ્ટ અક્ષરે ‘દલી’ એટલું વંચાતું હતું. એ ઉપરથી મેં માન્યું કે ‘દલી’ એનું નામ હશે. સ્ત્રીનું નામ કેમ ? કદાચ મહિયરથી સાસરે જતી વખતે એને આ તામડીઓ એનાં માબાપે આપી હશે. કેવી સ્વચ્છ અંદરથી અને બહારથી એણે રાખી છે ! દૂધને શોભા મળે અને સારું જણાય એમાં નવાઈ ? તામડીને લીધે પણ દૂધ ગમે. માથે મૂકવાની ઈંઢોણી એ સાથે કેમ ન લઈ ગઈ ? જ્યારે અધ્ધર તામડી માથે રાખી એ ગામમાં આવે છે, ત્યારે શો એનો અવાજ ! પરોઢમાં જેમ પ્રભાતિયું મીઠું લાગે તેમ એનો રણકાર મીઠો લાગે છે. એથી અરધી જાગતી અવસ્થામાં સવારનું શુભ શુકનનું સ્વપ્નું આવે અને આખો દિવસ આનંદમાં જાય. આખા ગામને એ આશીર્વાદરૂપ દેવી હતી.

આમ વિચાર કરતો વીસેક મિનિટ બેઠો હોઈશ એટલામાં એ આવી અને “બેઠા સો ?” એટલું પૂછ્યું.

“કેમ, ટોપલી જડી ?”

“ના રે બઈ ! ચારપોંચ ઘેર પૂસી આવી, પણ ચ્યોંય પત્તો નહીં. કુણ જાણે કુનેય ઘેર મેલી આવી હઈશ. અત્તારના પોરમાં તે ચેટલે ભટકું ?” કહી જાણે નિરાશ થઈ હોય તેમ બેઠી.

“દલી ?”

“દલી” કહેતાંની સાથે એ જરા ચમકી; “ગોમમાં મને લોક દૂધવાળી કહે છે.”

“જો, આ તારી તામડી ઉપર લખ્યું છે, તે તારે પિયરથી આ તને મળી’તી ખરું ને ? તારાં લગ્ન વખતે.”

હું તો એનામાં તન્મય થયેલો હતો તેથી જુદાં જુદાં અનુમાન મેં કરી રાખ્યાં હોય તેમાં નવાઈ નહીં.

“તારો વર બીજી વારનો છે ?” ગળામાં શોકપગલું જોઈ મેં પૂછ્યું. મારી નજર એના ધોળા વદન પર પડતાં એણે સામું જોયું અને સાલ્લો સંકોરી ઉપર ખેંચ્યો.

“તું ને તારો વર આખો દિવસ શું કરો છો ?”

“બળ્યો મનખો !” કહી આડું જોઈ એ હસી. દાંતની કળીઓને સાડીઓમાં સંતાડી હસી.

“ના, ના, કહે તો ખરી; સવારથી સાંજ સુધી તમે શું શું કામ કરો છો એ કહી જા.”

“તે શું કરતાં હઈશું ? ઢોરોનું કોંમ. હવારમાં વહેલાં ઊઠીએ, દાતણ-પોંણી કરી વાસડાંને ધવડાવીએ. એ ગાયો દોવે ને હું બાખડી દોહું. દૂધ કાઢી ચારબાર નોંશી અમે બે નીહરીએ. એ દરવાજે પેલે હાથે જાય; હું તમારી ભણી વળું. દૂધ આલી હું ઓંય આવીને એ આવે ત્યોં લગણ બેહું.”

ઓચિંતી મને ફાળ પડી. કદાચ એનો રબારી આવતો હોય અને મને સાથે બેઠેલો જોઈ ફરી વળે તો ? આબરૂ જાય, હલકો પડી જાઉં અને માર પડે તે જુદો. વિચાર આવતાં મોં ઉપર ચિંતા ને ભય છવાઈ ગયાં અને ચાલ્યા જવા ટોપી હાથમાં લીધી.

“તમે લગારે બીશો નહીં. આજ તો હું એકલી આવી સું. એ તો આજ ઘી વેચવા ગયા સે.” મને નિરાંત થઈ અને વાતચીત ચાલુ કરી :

“તારો વર વાંસળીમાં એવું શું વાગડે છે તે તમે બધાં ત્યાં ઊભાં રહો છો ? હું તળાવે ઊભો રહી વાંસળી વગાડું તો મને આવડે ખરી ?”

“હોવે, ચ્યમ ના આવડે ? તે તમને અમ જેવું થાવું ચ્યમ ગમે સે ?”

“તારે લીધે જ, દલી. તું ખાય તે હું ખાઉં, તારો જાડો રોટલો પચાવું, તારી ગાયોને ચરાવવા જાઉં, એમ મનમાં થઈ ગયું છે. તારું ગામ હજી કેટલે છેટું ?”

“ચારપોંચ શેતરવા, પેલી સોપારીઓ દેખાય ઈ. તમે મારે ઘેર રહો ખરા ? અમે તો હાલ્લાની ગોદડી ઉપર હુઈ રહીએ; ખાટલો ઉઘાડામાં ઢાળીએ. પાંહે ઢોર બોંધ્યાં હોય, તે આખી રાત ગોં ગોં બરાડે. તમ જેવાને ત્યોં નો ફાવે.”

“મને તો એ બહુ જ ગમે છે. તેમાં તારા જેવું કોઈક મારી સાથે હોય તો મારે ઘેર જવાનું નામ જ ન લઉં.”

વાતચીત ઉપરથી હું એમ જ માનતો હતો કે મારી ઉપર એ કુરબાન છે, એના દિલને હું ચોરી શકું છું અને ધીમે ધીમે એ પોતાની લાગણી કહેવા માંડશે. ફૂલ ઊઘડે તેમ મારું હૃદય આશામાં ઊઘડતું હતું. ઝરણ વહે તેમ મારી કલ્પના વધતી હતી. કેતકી ડોલે તેમ જીવ ઘુમરાઈ આનામાં ડોલતો હતો. તણખલું હાથમાં લઈ જમીન ઉપર લિસોટા કરતી, વાંકું વાળી કમાન બનાવતી, ભાંગીને કટકા કરતી, આમ તે રમત કર્યે જતી હતી અને ગભરાટ, ભય કે શરમ રાખ્યા વગર મારી સાથે મિત્રની માફક પરિચિત થઈ વાતો કર્યે જતી હતી.

ઘડીભર અમે બંનેએ શાંતિ પકડી. ને એટલામાં તો વીજળી ચમકે અને બાળકના દિલમાં ફડકો પડે, અઘોર ઘંટ આવે અને એ માલતી ફફડે, આનંદ વેરાતો હોય અને શોક પ્રવેશે, તેમ એકાએક છાપરીની ઉઘાડી બારીમાંથી મારી પત્નીએ ડોકું કર્યું અને મારી સામે એકીટશે કોપાયમાન ચહેરે જોવા માંડ્યું.

જોતાં જ શરીર થરથર કંપવા માંડ્યું. એની આંખમાં ગુસ્સાથી પાણી ભરાઈ આવ્યું હતું. શું બોલું અને શું ન બોલું એની ગૂંચવણમાં એ પડી હતી. કેટલુંય કહી નાખું તેનો ઊભરો એને ચડ્યો હતો. અને છતાં એક શબ્દ એ બોલી નહીં. મારી સામે માત્ર જોઈ જ રહી. મેં નીચી નજર નાખી દીધી. દલી-ધુતારી દલી-સાલ્લામાં મોં રાખી હસતી હતી. ચિત્રકારને અહીં ત્રણ ચિત્ર ચીતરવાનાં હતાં : એક કાલિકા, બીજી જાદુગરણી ને ત્રીજો બેવકૂફ.

સૌજન્ય : https://gu.wikisource.org/wiki/ગોવાલણી

**કંચનલાલ વાસુદેવ મહેતા** (ઉપનામ: મલયાનિલ) (૧૮૯૨ - ૨૪ જૂન ૧૯૧૯) ગુજરાતી ભાષામાં આધુનિક ટૂંકી વાર્તાના પ્રણેતા માનવામાં આવે છે. તેમની ટૂંકી વાર્તા 'ગોવાલણી' આધુનિક શૈલીની ગુજરાતી ભાષાની પ્રથમ ટૂંકી વાર્તા હતી. સત્યાવીસ વર્ષની ટૂંકી વયે એમનું અવસાન થયું હતું. મૃત્યુ પછી તેમનો વાર્તાસંગ્રહ 'ગોવાલણી અને બીજી વાતો' પ્રકાશિત થયો હતો.

# શાન્તિદાસ

**લેખકઃ દિ.બ. અંબાલાલ સાકરલાલ દેસાઈ**

ઈ.સ. ૧૯૧૮માં લખાયેલી અને 'વીસમી સદી' સામાયિકમાં પ્રગટ થયેલી મલયાનિલની વાર્તા 'ગોવાલણી'ને પ્રથમ ગુજરાતી વાર્તા હોવાનું બહુમાન આપવામાં આવે છે પરંતુ તે અગાઉ ગુજરાતીમાં વાર્તા લખાતી ન હતી તેવું નથી. ઈ.સ. ૧૯૧૪માં અવસાન પામેલા દિ.બ. અંબાલાલ સાકરલાલ દેસાઈએ ઈ.સ. ૧૯૦૦ની સાલમાં 'શાન્તિદાસ' નામની એક સુંદર વાર્તા લખી હતી અને તે પુષ્કળ આવકાર પામી હતી. એમ.એ., એલ.એલ.બી.ની ડિગ્રી મેળવ્યા પછી તેમણે સાહિત્ય, શિક્ષણ, સ્ત્રી કેળવણી, સમાજ સુધારા, રાજકીય જાગૃતિ વગેરે ક્ષેત્રે ઘણી નોંધપાત્ર કામગીરી બજાવી હતી અને ૧૯૧૫માં થયેલા ગાંધીજીના ભારત આગમન પહેલા ગુજરાતની પ્રજાને જાગૃત કરવામાં મોટો ફાળો આપ્યો હતો.

ચરોતરમાં મહેમદાવાદથી પાંચ સાત ગાઉ ઉપર પાટીદારની વસ્તીનું એક જૂનું ગામ છે. મૂળ એ ગામ નરવાનું હતું, પણ પચાસ પોણોસો વરસથી નરવો તૂટ્યો છે, ને સરવે પ્રમાણે ખાતાબંધી વહીવટ ચાલે છે.

ગામમાં ઉજળિયાત વસતી સારી છે; આશરે બસો ઘર પાટીદારનાં છે. બીજાં વાણિયા, બ્રાહ્મણ તથા વસવાયાનાં છે. ગામના લોક મહેનતુ ને સંપીલા છે. ગામમાં ઘણું દેવું નથી. શાહુકાર વાણિયા ધીરધાર કરતાં વેપારનો ધંધો કરે છે. ગામનો ચોરો રૈયતે બાંધેલો મોટો વિશાળ છે. હિંદુઓનું દેવળ પણ સારું છે, ને એક ધર્મશાળામાં વટેમાર્ગુ તથા સાધુસંત ઉતરે છે, તેથી ઠેઠ કાનમ લગી ગામની આબરુ પણ સારી છે.

કણબીની વસતીમાં મોટું ને મોભાવાળું ઘર શાન્તિદાસ પાટીદારનું છે. તેમના બાપને સાત દીકરા હતા, તે બધા હાલ જુદા જુદા રહે છે; સાતે દીકરાને વાડી વસ્તાર સારો થયો છે. શાન્તિદાસને છ દીકરા છે, તેમાંના પાંચ મોટા ધંધે વળગી ગયા છે, પણ નાનો ભિખારીદાસ હાલ નોકરી ખોળે છે. આશરે દસેક વરસ ઉપર શાન્તિદાસની વહુના મનમાં એમ આવ્યું કે, મારા છ દીકરામાંથી નાનો દીકરો અંગ્રેજી ભણે ને સરકારી નોકરીએ વળગે તો કેવું સારું! વખતે ટોપીવાળાની મહેરબાની થાય, તો ચઢતાં ચઢતાં એ તો કુમાવિસદાર થઈ જાય, ને આપણે ઘેર આપણા પરગણાની હાકેમી આવે. શાન્તિદાસના મનને આ વાત બહુ ભાવી નહીં. હાલ અઢારે વરણ અંગ્રેજી ભણતર ભણવા માંડે છે, તેમાં ઘણા અધવચ મૂકી દે છે, ને થોડા જ ઠેઠ લગી પહોંચે છે; વળી જે થોડા ભણી ઉતરે છે તેમને બધાને કુમાવિસદારી મળતી નથી એ વાત શાન્તિદાસ સારી પેઠે સમજતા હતા; પણ છોકરો છેલ્લા ખોળાનો હતો, ને આટલી ઉંમરે ઘરનાં બૈરાંને નાખુશ કરવાં એ પણ ઠીક નહીં, એમ તેમણે વિચાર્યું. વળી એમના હૈયામાં એમ પણ ખરું કે પરમેશ્વરને કરવું હોય ને છોકરાનું નસીબ ઉઘડે તો છોકરાની માના કોડ પૂરા પડે ને ઘડપણમાં આપણા સુખમાં મણા ન રહે, એટલે પહેલાં તો જરા એમણે બૈરાંનું કહ્યું ગણકાર્યું ન ગણકાર્યું એમ કર્યું; પણ છોકરાની માએ એ વાતની કેડ મુકી નહીં, તેથી હારીને અન્તે તે હા ભણ્યા. સારું મહુરત જોઈને અંગ્રેજી ભણાવવા ભિખારીદાસને અમદાવાદ વિદાય કર્યા.

અંગ્રેજી વિદ્યા ભણવી સહેલી નથી. તેમાં વળી સરકારના કાયદા; વળી તેમાં ધોરણ ને ફોરણ, ને પરીક્ષાઓ; તેથી ભણતાં ભણતાં ઘણા દહાડા લાગ્યા, તેથી કોઈ કોઈ વાર શાન્તિદાસને અકળામણ પણ આવે. દર માસે ખાધાખાઈ તથા ફીના દશબાર રૂપિયા અમદાવાદ મોકલવા પડે તે મોટા કબીલાદાર આદમીને ભારે પડતા. પણ વરત લીધું તે પૂરૂં કરવું; હવે અધૂરું ભણતર મૂકવાથી કાંઈ લહાણ નથી એમ સમજીને તે કાંઈ બોલતા નહોતા. અન્તે સાત વરસે ભિખારીદાસ મેટ્રીકની પરીક્ષામાં પાસ થયો; તેની ખબર આવતાં શાન્તિદાસને ઘણું સારું લાગ્યું, ને છોકરાની મા તેથી વધારે હરખાયાં ને કહે કે "હું કહેતી નહોતી કે મારો ભિખો નામ કાઢશે? કાંઈ પૈસા ઉગારે કામ થાય? જ્યારે મૂળાના પીતા જેવા ખર્ચ્યા છે, ત્યારે મારો છોકરો નાગરના છોકરાને ટક્કર મારે તેવો થયો છે."

એ પ્રમાણે ભિખાની મા સૌ આગળ ફુલાય. ભિખાની પરીક્ષા ઉતર્યાના સમાચાર આવ્યા એટલે તેમણે ગામમાં ગોળ વહેંચ્યો, માતાને વધામણાં દીધાં, ને ઘેર નિવેદ કર્યાં; બ્રાહ્મણ તથા સગાંસ્નેહીઓને જમાડ્યાં, અને સૌ આશરાગતિઓને પણ સંતોષ્યા. ભિખો ગામમાં આવ્યો ત્યારે ગામના સૌ લોક તેને બોલાવવા આવ્યા. તેઓ શાન્તિદાસને કહે કે "હવે બાપા અધૂરૂં ન રાખશો; હવે તો ભિખારીદાસને મુંબાઈ મોકલો; બે પૈસા દેવું થશે તો જારબાજરીનો રોટલો ખાઈ પેટે પાટા વાળી દેવાશે; પણ હવે તો એને મુંબાઈ મોકલો."

એમ બધા ઘણો આગ્રહ કરીને કહેવા લાગ્યા. શાન્તિદાસ ખાતાપીતા ગૃહસ્થ હતા, તેમની ખેતી મોટી હતી, તથા ઢોરઢાંખર મસ હતાં, ને દાણોદુણી પણ ઘણો રાખતા. પણ નગદ પૈસાનું બહુ જોર એમની પાસે ન હોતું, એટલે મુંબાઈ મોકલવાનું તેમનું મન ઢચુપચુ થતું હતું. પણ છોકરાનો, તેની માનો, તથા આખા ગામનો આગ્રહ જોઈ તેમણે પણ અંતે નમતું મૂક્યું, ને ભિખારીદાસને મુંબાઈ ભણવા રાખવાનો વિચાર નક્કી કર્યો ને ખરચ સારું ગામના શાહુકાર વનમાળીદાસને ત્યાંથી પ્રથમ રૂપિયા સોનો ઉપાડ કર્યો. વિદાય થતાં પહેલાં ભિખારીદાસને કોરે બોલાવીને કહ્યું, "ભાઈ, મારી પાસે પૈસા નથી, મુંબાઈ તો ઈંદ્રપુરી જેવું છે, ત્યાં ભાતભાતની જણસો મળે છે. તરેહતરેહના શોખ ત્યાં થઈ શકે છે. માટે તું જો નીતિથી રહી નીચું માથું ઘાલી અભ્યાસમાં જ મન રાખવાનું કબૂલ કરે તો હું મોકલું; નહીં તો ખર્ચ વેઠવાનું મારું ગજું નથી, માટે એ વિચાર આપણે માંડી વાળો."

ભિખાએ પોતાના બાપના પગે હાથ મૂકીને કહ્યું કે, "ભા, હું એક પાઈ પણ નકામી નહીં ખરચું. અઢાર વરસનો થયો ને શું હું સમજતો નથી કે આપણા ઓરડામાં શું છે અને શું નથી!"

સરકારી કોલેજ ઉઘડતાં ભિખારીદાસ મુંબાઈ જઈ તેમાં દાખલ થયા, ને અભ્યાસ શરુ કર્યો. થોડા દહાડા તો બાપની શિખામણ ને પોતાનું વચન હૃદયમાં રાખી ભિખારીદાસે ખૂબ મહેનત કરી. પછી ત્યાં જૂના થતા ગયા ને છોકરાઓનો સહવાસ વધવા માંડ્યો. ત્યાંના પારસીઓના છોકરાઓના ચળકતા બૂટ જોઈ એમનું મન વારંવાર એમ થતું કે, આપણે એવા હોય તો કેવું સારું! એવા મનના ઉછાળા ઉપરાઉપરી થાય, ને ભિખારીદાસ તેને દાબી દે; પણ વળી પાછું ફરીફરીને બૂટનું મન થાય. એમ કરતાં કરતાં કેટલાક દહાડા વહી ગયા. પણ છેવટે ભિખારીદાસનું મન રોક્યું રહ્યું નહીં. તેમણે વિચાર કર્યો કે, "આપણે વરસે દહાડે ત્રણસો રૂપિયા ખરચીએ છીએ, તેમાં ત્રણ ચાર રૂપિયાના વિલાયતી બૂટ લેવામાં કાંઈ વધી જવાનું નથી. બીજી ગમે તે રીતે કસર કરીશું તો એટલા રૂપિયા ઉગરશે; એટલે બાપાનું મન પણ રહેશે, આપણું વચન જળવાશે, ને આપણા જીવને ભાવતી વસ્તુ પણ મળશે," એમ વિચાર કરી તેમણે વિલાયતી બૂટની એક જોડ લીધી. તે પહેરીને "ચમચમ" કરતા ફરે, ને બૂટ સામું જોઈ મલકાઈ મલકાઈ જાય!

ચાર મહિને કોલેજ બંધ થઈ ત્યારે ભિખાભાઈ પાછા ગામે આવ્યા. સગું વ્હાલું, ગામલોક, સૌ બબે ગાઉ એમને લેવા સામું આવ્યું હતું. ભાગોળે આવ્યા ત્યારે ભિખાભાઈ ગાડામાંથી ઉતર્યા; પણ ઉતરતાં પહેલાં પેલા વિલાયતી બૂટ કહાડી પહેર્યા, ને "ચમચમ" કરતા સૌથી આગળ ચાલ્યા. સૌ કહેઃ "કેમ ભાઈ આવ્યા કે, કેમ ભાઈ આવ્યા કે? સારા છો? કુશળ છો?" ત્યારે એ હળવે રહી કહે, "હા-હા." ગામના છોકરા પણ એમને જોવા આવ્યા હતા, કેમ કે એ ગામમાંથી મુંબાઈ ભણવા સારુ આ પહેલાં કોઈ ગયું નહોતું, ને ભિખાભાઈ મુંબાઈ જઈ આવ્યા એ મોટી નવાઈ હતી.

ગામમાં આવ્યા પછી સાંજ સવાર હવા ખાવા ભિખારીદાસ નિકળે ત્યારે પેલા બૂટ પહેરીને જાય. તે જોવાને ગામના બધા જુવાનીયા નીકળે. શાન્તિદાસના બીજા દીકરાના દીકરા મળી આશરે પંદર વીશ હતા. થોડા દિવસ વીત્યા નહીં એટલામાં તેઓએ પોતપોતાની મા પાસે એવા બૂટ સારુ કંકાસ કરવા માંડ્યો. શાન્તિદાસના ભાઈઓના ઘરમાં પણ બૂટ વાસ્તે કલેશ થવા લાગ્યો. ગામના બીજા કણબી વાણિયાના છોકરાઓને પણ એવા બૂટનું મન થયું. બધા છોકરાઓની માઓ પોતપોતાના છોકરાઓ ભણીની તાણ કરે; પણ ભાયડાઓ એ માને નહીં. એમ બધાં સારા ઘરમાં થોડો થોડો કંકાસ પેઠો.

નીતની કળકળથી ભાયડાઓ છેવટે હાર્યા. એકે એક એવા બૂટ મંગાવવા લાગ્યા. દર ફેરા જ્યારે છુટ્ટી પડે ત્યારે ભિખારીદાસ મુંબાઈથી પાછા આવે; ને હરવેળા જ્યારે આવે ત્યારે ગામનાં લોકનાં છોકરાંની પચીસ ત્રીસ વિલાયતી બૂટની જોડો લેતા આવે! એમ બે ત્રણ વરસ વીતી ગયાં, ને ગામમાં બીજી પૂંજી વધી હોય કે નહીં, પણ બૂટની પૂંજી તો ઘણી વધી! ગામમાં વિલાયતી બૂટની ત્રણસો જોડી થઈ. સાંજે બધા જુવાનીયા ખેતરે કે તળાવે ફરવા જાય ત્યારે બૂટ પહેરીને જાય; ને એવા બૂટવાળા છોકરાની હારની હાર આગળ પાછળ હરવેળા ગામમાં ફરતી દેખાય; તેથી કેટલાક લોકો માંહોમાંહે વાત કરે કે, "એમાં શું કમાયા? ગામ વહેલું ભીખ માગશે."

વિલાયતી બૂટ લાંબા ટકતા નથી, ને વરસ દહાડે એમ થયું કે ભિખાભાઈ જવા નીકળે તે દહાડે તેમને ગામલોક દોઢસો બસો બૂટના પૈસા વળગાડે. આ પ્રમાણે બૂટનો ચાલ જબરો થતો ગયો, ને ગામને માથે એક હજારનો વરસ દહાડે વેરો ચોંટ્યો!

એક વાર ભિખારીદાસ ઉનાળાની છુટ્ટીમાં ગામ પાછા આવ્યા હતા, ને આંગણામાં ખાટલો ઢાળી પાછલે પહોરે બેઠા હતા. શાન્તિદાસ બાપા ઓટલે હાથમાં રૂપાની નેહવાળો હુક્કો ઝાલી રાખી "ગુડ ગુડ" કરતા હતા. બીજા થોડા પાટીદાર ને ગામલોક પણ ત્યાં સહેજ બેઠા હતા, ને વાતો કરતા હતા. વનમાળીદાસ પારેખ પણ ત્યાં આવ્યા હતા.

વનમાળીદાસ – બાપા, નવરાશે આપણું ખાતું આંખ તળે કાઢો તો ઠીક.

શાન્તિદાસ – કેમ વારું?

વનમાળીદાસ – આંકડો જરા વધતો જાય છે તે તમને ખબર હશે.

શાન્તિદાસ – લીધું વરત પૂરું કરવું જોઈએ. છોકરાને મુંબાઈ મોકલતાં પહેલાં શી રીતે હતું?

વનમાળીદાસ – ત્યારે તો તમારા સો પચાસ લહેણા રહેતા.

એમ વાતો ચાલતી હતી તેવામાં ગામના દશ-વીસ મોચી ભેગા થઈ આવ્યા. આવીને ફાળીઆ ઉતારી રાડ પાડવા લાગ્યા કે, "બાપા, હવે તો બહુ થયું; હવે ખમા કરો તો સારું."

શાન્તિદાસ – શું છે? વાત તો કહો.

મોચીઓ મધ્યેનો એક મોચી કે જેનું નામ સોમલો હતું તેને શાન્તિદાસે કહ્યું, "સોમલા, તું ઠાઉકો છે, તું વિગત માંડીને વાત કહે. તમારે શું જોઈએ છીએ? ને તમારે શું દુઃખ છે? સગી મા હોય તેને પણ કહીએ તો તે દુઃખ જાણે."

સોમલો – દુઃખ તો ઘણું છે; વણવાંકે મરી જઈએ છીએ; પણ રોગ પ્રમાણે ઉપાય થાય તો કળ વળે; એ તમારા હાથમાં છે, બાપા. તમો ઉપાય કરો તો થાય; નહીં તો એકે ઉપાય નથી, ને અમારે જીવ્યાનો આરો નથી.

શાન્તિદાસ – કરાશે તું બોલ. જો મારા હાથમાં હશે તો હું ઉપાય કર્યા વગર નહીં રહું.

સોમલો – બાપા દુઃખ તો બહુ છે. જુઓઃ-

અમારાં મોચીનાં તમારા ગામમાં વીશ ઘરો છે. જ્યારથી ગામ વસ્યું ત્યારથી અમો તમારી પછવાડે વસ્યા છીએ, ને તમારે શરણે પડ્યા છીએ. અમે આજ લગી ગામલોકના જોડા અને કોશ સીવતા ને અમારો ગુજારો કરતા. વળી એકાદ વીઘુ જમીન હોય એ ખેડીએ પણ ખરા. એમ કરી દહાડા કાઢતા. પણ આ બે વરસથી અમારું પૂરું થતું નથી, ને છોકરાં ભૂખે મરે છે. ભિખો બાપો જ્યારથી મુંબાઈ ગયા ત્યારથી અમારા દુઃખનું મંડાણ મંડાયું. એ એક બૂટની જોડ લાવ્યા એટલે અમને લાગ્યું કે ઠીક છે, એમાં શું માંહી. પછી હવે તો ગામમાં લગભગ એવી ચારસો પાંચસો વિલાયતી બૂટની જોડ ખપે છે, અમો વરસમાં સો સો જોડ સીવીએ. એટલે મજુરીના ૫૦-૭૦ રૂપિયા કમાઈએ, ને અમારા ઘરનો નિભાવ એથી થાય.

હવે આ બૂટ આવ્યા એટલે એ જોડો ખપતી નથી. હવે પારસણોની પેઠે અહીંનાં બધાં બૈરાં જોડીઓ મૂકીને બૂટ પહેરશે તો બૈરાંનાં પગરખાં સીવવાનું કામ પણ અમારું જશે, ને જેટલા થોડા રોટલા રહ્યા છે તે પણ નહીં રહે. અમારો ગુજારો તો ગામલોક ઉપર હતો, પણ ગામલોક તો બૂટ પહેરે, એટલે આ દશા આવી. અમારા છોકરાને પેટભર રોટલા પણ મળતા નથી. જો અમદાવાદના કે બીજા આપણા અહીંના ગામના બૂટ હોત તો અમારામાંથી ત્યાં જઈ કોઈ શીખી આવત; અથવા ન

શીખત તો છેવટે અમે ભૂખે મરત; પણ અમારી નાત કે ધંધાવાળા બીજા કોઈને રોજી મળત. પણ આ તો વિલાયતી બૂટ, એટલે અમારો એકે ઉપાય નથી, ને અમારે કોઈ પણ રીતેનું મન વાળવાનું નથી, ને આમને આમ ચાલશે તો બધાં મરી પરવારશું.

ભિખારીદાસ – કેવા બેવકૂફ લોક છો! તમારે વાસ્તે શું અમો બૂટ નહીં પહેરીએ? માણસને ગમે તે પહેરવાની છૂટ છે. સાહેબ લોકો બૂટ પહેરે છે, મુંબઈમાં ઘણી વસતી બૂટ પહેરે છે, તે સૌ ગાંડા લોક હશે? બેવકૂફ લુચ્ચા લોક!

સોમલો – ગાંડા કે ઘેલા, પણ ભૂખે મરીએ ત્યારે શું કરીએ?

ભીખારીદાસ – ભૂખે મરો છો તેમાં કોનો વાંક છે? બીજો ધંધો કરો.

સોમલો – શું અમો કુંભારનું કામ કરીએ, કે દરજીનું કામ કરીએ, કે લવારનું કામ કરીએ, કે હજામનું કામ કરીએ? શું કરીએ, કહો ભિખાબાપા.

ભીખારીદાસ – ત્યારે મજૂરી કરો. મજૂરીમાં શું આવડવું છે?

સોમલો – અમોએ કોઈ દહાડે મજૂરી ન કરેલી તે શી રીતે મજૂરી થાય? મજૂરીમાં હાથ પગમાં જોર જોઈએ. અમને ચાર પૈસા પણ કોણ આપે?

ભીખારીદાસ – ત્યારે પૂરૂં ન થાય તો પરગામ જઈ વસો.

સોમલો – આ ગામમાં અમારી વીશ પેઢી થઈ, ને હવે ઘરબાર મૂકીને ક્યાં જઈએ? અહીંના ઘર શી રીતે ઉપાડી જઈએ? નાત જાત, લેવું દેવું, બધું આંહીં રહ્યું, ને પરગામ શી રીતે જવાય? બાપા, આટલું બધું અમને કહો છો, ત્યારે તમે વિલાયતી બૂટ ન પહેરો તો શું સત્યાનાશ વળી જાય? મોચી મજૂરી કરે, બીજો ધંધો કરે, ગામ છોડી જાય, તે કરતાં પાટીદાર વિલાયતી બૂટ ન પહેરે તો શું બગડે?

શાન્તિદાસ વચમાં બોલ્યા, "ભિખા, તું છાનો રહે. આ મોચી કહે છે તે વાત જાણવા જેવી છે. જુવાનીચાવેડા કરી એને તરછોડીશ નહીં."

એટલામાં ગામના પારેખ જગજીવનદાસ આવ્યા. તે કહે કે, "આ શી ભાંજગડ ચાલે છે?"

શાન્તિદાસ – મોચી રાડ પાડતા આવ્યા છે કે, ગામમાં બૂટ આવ્યા, તેથી અમે ભૂખે મરીએ છીએ.

જગજીવનદાસ – હા, મોચી મને પણ કહેતા હતા, ને બીજાં વસવાયા પણ થોડી થોડી બૂમ પાડે છે. પુંજીઓ કુંભાર કહે છે કે, અણીવારના વરસે મોચી લોકોએ મારી નાળો સમૂળગી લીધી નથી. પશવો દરજી કહે છે કે, મોચી લોકની સીલાઈ ઓણ મને મળી નથી. એ રીતે છે; માટે આપણે ચાર જણ મળીને વિચાર કરીએ તો સારું.

શાન્તિદાસ – કહો તો બધા કાલે મળીએ.

જગજીવન – ઠીક, હું બધાને કહેવડાવીશ, ને રામનાથમાં કાલ પાછલા પહોરે મળીશું.

બીજે દહાડે શાન્તિદાસ બાપા, એમના ભાઈ-ભત્રીજા, ગામના બીજા પાટીદાર, જગજીવન પારેખ, નાથાભાઈ મોદી, જુગલદાસ તલાટી, તુલસીરામ મહેતા વગેરે બધું ગામ રામનાથ મહાદેવમાં ભેગું થયું. ત્યાં વસવાયા પણ વગર તેડ્યાં, પેટનાં બળ્યાં ભેગાં થયાં હતાં. સોમલો મોચી તથા બીજા મોચી, તથા દરજીના ને કુંભારના આગેવાનો આવ્યા હતા. બધાએ પહેલાં તો મોચીની વાત સાંભળી.

ત્યાં ભીખાભાઈ પણ ગયા હતા. તેમણે અંગ્રેજી વિદ્યાનો આધાર બતાવીને એક મોટી બશેરીઆ ચોપડી હતી તે ઉપરથી એક લાંબુ ભાષણ કરવાની તૈયારી કરી હતી. તે ઊભા થયા, અને બોલવા લાગ્યા; પણ એમના બાપ ને કાકા કહે, 'બેસ બેસ. તું ભણી આવ્યો તે જાણ્યું. હજુ તો અમારું ખરચ ખાય છે! જ્યારે બે પૈસા કમાય, ને દુનિયા કેમ ચાલે છે તે સમજે ત્યારે તારું ભાષણ બહાર કાઢજે.'

બધાં વસવાયાની વતી જગજીવન પારેખ પ્રથમ બોલ્યા. તે કહે કે, "આ બૂટની મહોકાણે આઠ દશ મોચીનાં ઘરનો ધંધો બંધ પડ્યો છે, ને તેમને ખાવા પીવાની બહુ વેળા પડે છે. મોચી નરમ થયા એટલે તેમની ઘરાકીવાળા કુંભાર દરજી

વગેરે નરમ થયા છે; ને બે પૈસા જેના લેણા દેણા છે તે શાવકારનું પણ લેણું ડૂબવા વખત આવ્યો છે; અને તેનો ધક્કો આખા ગામને લાગશે. કોઈએ એમ ન સમજવું કે, એમાં મારે શી લેવા દેવા છે; બધાનું સારું હોય તો આપણે સારું ને નરસું હોય તો આપણે નરસું.

હું અમદાવાદ ગયો હતો, ત્યાં પણ આવાં ને આવાં રોદણાં છે. સોનીના ઘરેણાં વિલાયતથી તૈયાર થઈ આવે છે. ને તે એવાં આંખને ગમે તેવાં હોય છે કે, આપણા ખરા દાગીનાને પણ કોરે મુકે; એટલે સોનીનો ધંધો બાર આની ગયો છે. લવારનો ધંધો તો બિલકુલ બંધ પડી ગયા જેવો જ છે. લવાર મજૂરી કરે તેને અંગ્રેજી કારખાનામાં રોજ સારો મળે છે; પણ ચપ્પુ, કાતર ને ખીલા કરનારાનો તો બિલકુલ રોજગાર બંધ પડ્યા જેવો જ છે. વિલાયતી કાપડ કરોડો રૂપિયાનું આવે છે, તેથી સાળવી, વણકર, છીપા, બાંધણીગર વગેરેનો ધંધો ગયો છે. લોક ઘણાં લૂગડાં પહેરે છે તેથી દરજી ને ધોબી શાહેરમાં તાજા દેખાય છે; પણ એકંદર કારીગર તથા વેપારીને પરદેશી માલ આવવાથી અથાગ નુકસાન થયું છે, ને હજુ તો ક્યાં? શાહેરમાં કોઈ ધણીધોરી નહીં, એટલે વિટંબણા ભારે પડે છે. આપણે તો બધા મળીને કરીએ તો બંદોબસ્ત કરવા સમરથ છીએ; માટે મારા ધ્યાનમાં આવે છે કે, આપણે આપણા ગામ પૂરતો ઠરાવ કરીએ તો ઠીક.”

શાન્તિદાસ – શો ઠરાવ ?

જગજીવન – હાલ તો એટલો કરો કે ગામમાં કોઈ પરગામના બૂટ ન પહેરે. એટલું થાય તો મોચીનું દુઃખ ટળે.

શાન્તિદાસ – કેમ ભવાનીદાસભાઈ, શું ધાર્યું?

ભવાનીદાસ – હા, હા, સો ફેરા એવો બંદોબસ્ત કરવો જોઈએ.

નાથાભાઈ મોદી – આપણે પણ કબૂલ કરીએ છીએ, કેમ તુલસીરામ મહેતા?

તુલસીરામ મહેતા – આપણે પણ સો ફેરા કબૂલ.

જુગલદાસ તલાટી – વારું, બૈરાંને ઘેર પૂછ્યું? છોકરાં કંકાસ કરશે, તો એમની માઓ એમની કુમક કરશે તેનું શું ધાર્યું?

શાન્તિદાસ – છોકરાં અને તેમની માઓ જખ મારે છે.

બધાં કહે, “વાહવા, બાપા વાહવા. ત્યારે ચાલો, આપણે મંદિરમાં તુલસી ઉપાડો. બધા મંદિરમાં ગયા, ને ઠાકોરજી આગળ તુલસી ઉપાડી સૌએ જુદા જુદા સમ ખાધા કે “પરદેશી બૂટ લાવીએ તો ઠાકોરજી અમને પૂછે,” ને પછી બધા વેરાયા.

ગામ સંપીલું હતું; લોક લાંબી નજરવાળા હતા, તો પણ આ વેળા ઠરાવ પાળવામાં થોડી આનાકાની થઈ, ને પછી ઘેર ઘેર થોડી કચકચ પણ થઈ; પણ શાન્તિદાસે પોતાના ઘેરથી પહેલ કાઢી ભિખારીદાસને જોડા પહેરાવ્યા. એમ પતાવટ ચાલતાં, અન્તે બધા ગૃહસ્થોએ સોગન પાળ્યા, ને છ મહિને મોચી પાછા આગળ જેવા ખાતાપીતા થયા, ને બીજા કારીગર પણ તાજા થયા.

એવામાં નડીયાદથી એક દહાડો મોટા બારોટ આવ્યા. તેમણે આ બધી વાત ચોરે બેઠે સાંભળી. તે મનમાં બહુ હરખાયા, ને હરખના માર્યા પોતાની મેળે શાન્તિદાસ બાપાને ઘેર કહેવા આવ્યા કે, “બાપા, ગામમાં આગેવાન હોય તો તમારા જેવા હોજો. ખરા એનના સમે તમે ગામની હિમાયત કરીને ગામનું દુઃખ ટાળ્યું છે. તમારા ઘરનો ધરમ જગ જાણે છે. તમોએ આપણા ગામનું ને દેશનું અભિમાન કરી અઢારે વરણનો ટેક ને ઇજ્જત રાખી છે. આગળ સરકાર દરબારમાં તમારું ઘર રૈયતની કુમક કરતું; હાલ સરકાર તરફથી તો શાન્તિ છે, પણ લોકનું મન નવા નવા પહેરવેશથી છકી ગયું છે, તેથી કારીગર માત્રને તથા અન્તે આખા દેશને બહુ વિપત પડે છે. એ વિપતમાં તમારા જેવાની હિમાયત છે ને ઓથ છે, તો દેશનું સદાકાળ ભલું જ થશે. તમારા જેવા તમારા વંશમાં કુળદીવા ઘણા થજો, ને ઈશ્વર તેમને તમારા જેવી મતિ કાયમ આપજો.

**સૌજન્ય : http://www.mavjibhai.com/gadya/shantidas.htm**